**VASISHTHA GENESIS SCHOOL, BARDOLI**
**Academic Session 2026-27**

**Date: ________ Class: 7 Div: B/D Roll No: ______ Sub: 2.Guj**
**Name: _______________________________________ Worksheet: HY નિબંધ**

## 'મિત્રતાની મીઠાશ'

'મિત્રતાની મીઠાશ' એવું શિર્ષક વાંચતાની સાથે 'એનો' ચહેરો નજર સમક્ષ નાચી ઉઠે છે. 'એની' યાદ આવે ને હોઠ પર સ્મિત રેલાઈ જાય છે, 'એની' વાત કરીએ ત્યારે ભલેને આપણે આધેડ વયના કેમ ન હોય! પણ એક ગજબની સ્ફૂર્તિનો અહેસાસ થાય છે, 'એને' મળવા માટે આપણે વેળા-કવેળાએ પણ તત્પર હોઈએ છે! આ 'એ' એટલે જ તો આપણો મિત્ર, ભાઈબંધ, દોસ્તાર, ભેરુ, ગોઠિયો, લંગોટીયો યાર કે હિતચિંતક કેટકેટલાં નામ એના તો... તો આવી ગઈ ને મીઠાશ તમારા ચહેરા પર!
આપણું શીર્ષક ભલે 'મિત્રતાની મીઠાશ' હોય પણ એક સાચો મિત્ર કડવા લીમડા જેવો હોય છે. લીમડો સ્વાદે કડવો લાગે પણ અસ્સલ ગુણકારી હોય છે, તેમ સાચો મિત્ર પણ આપણને નાની-નાની વાતમાં રોક ટોક કરતો, ક્યારેક વડીલ બની સલાહ આપતો, ક્યારેક માતાની મમતાનો અહેસાસ કરાવતો તો ક્યારેક હકથી બે થપ્પડ મારી દઈને પણ આપણને સાચી વાત સમજાવે છે, ત્યારે એ કડવો જરૂર લાગે છે. પરંતુ સમય જતાં ગુણકારી બની રહે છે. અને આજના આ આધુનિક યુગમાં જ્યારે પોતાના જ વ્યક્તિ વિશ્વાસઘાત કરી બેસે છે ત્યારે દરેક પરિસ્થિતિમાં આપણને કોઈ સાચવી લે છે તો એ મિત્ર જ છે. મિત્ર એટલે તો,

"નામ વગરનો એક નાતો,
પણ સૌના હૈયે સમાતો"

'મિત્રતા' વિશે કહેવું હોય તો શબ્દો પણ ઓછા પડે! આતો એક અવિસ્મરણીય અને અવર્ણનીય સંબંધ છે, કે જયાં તમે હાથ ફેલાવો ને એ હૈયું આપી દે! કે જયાં તમે ખોબો ભરીને દુઃખ ઠાલવો તો એ સામે કોથળો ભરીને સુખ ઠાલવી જાય! કે જ્યાં તમે એક શબ્દ પણ ન બોલો ને એ તમારી આખી વાતને સમજી જાય! કે જ્યાં તમે તમારાથી જ રિસાઈને, થાકીને, હારીને કે તૂટી જાવ ત્યારે તમારા ખભે હાથ મૂકીને તમને શોધવામાં જે તમારી જ મદદ કરેને એ 'મિત્ર'. એવું ક્યાંક વાંચ્યું હતું કે ઈશ્વર જેને આપણી સાથે લોહીના સંબંધ જોડવાનું ભૂલી ગયા હોયને; ત્યારે એવી વ્યક્તિને 'મિત્ર' ના નાતે આપણા જીવનમાં સ્થાન આપીને પોતાની ભૂલને સુધારી લે છે. તમે જ વિચારોને કે, બધા જ લોકો એક સામાન્ય ઢબે જીવન તો જીવતા જ હોય છે પરંતુ આ જીવનને 'અસામાન્ય' ઘટનાઓ, પ્રસંગો, યાદોથી છલકાવી દે છે 'મિત્ર' મિત્ર વિશે વાત કરવી

હોય ને તો સમય ઘટે પણ વાત ન ખૂટે. એની વાતને કોઈ વ્યાખ્યા કે ઉદાહરણ રૂપે ન વર્ણવી શકાય ! 'મિત્ર' વિશે બધું જ આમાપ, અખૂટ કે અધધ....... જ હોય.

'મિત્ર' એટલે એક એવો સંબંધ કે જેની પાસે વણમાંગ્યો બધો જ 'હક' હોય! જેમ કે, આપણી ઇચ્છા હોય કે ના હોય એ ફોન કર્યા વગર પણ આપણે ત્યાં ટપકી જ પડે ! જો એ સમયે પિતાજી ઘરે હોય તો એકદમ ડાઇ-ડાઇ વાત કરનારો સીધો-સરળ 'સજ્જન' બની રહે. માં આગળ ચાળી-ચુગલી કરીને લાડકો બની જાય. આપણા મોટા ભાઈ-બહેન સમક્ષ એક 'આદર્શ' વિદ્યાર્થી બની રહે.

અને એ જ મિત્ર જ્યારે એકાંતમાં મળે ત્યારે... વાતે-વાતે ગાળો બોલતો, હેતભર્યા ધબ્બા મારતો, "અરે ! આ ટી-શર્ટ તો મસ્ત છે !" - એમ કહીને વગર પૂછયે જ આપણી ટી-શર્ટ પહેરીને બીજા સામે વટ મારતો, કોલેજમાં લેક્ચર બંક કરીને અંગ્રેજી ફિલ્મ જોવા લઈ જતો, પાનના ગલ્લે કે હોટલમાં પૈસા આપતી વેળાએ, "ઓહ! આજે તો વૉલેટ જ ભૂલી ગયો છું !" - એવું કહીને મિત્રના પૈસે મજા કરતો, ચાની લારીએ આખી નહીં પણ કટિંગ ચાની ચૂસકી લેતો, પરીક્ષા સમયે ગેરમાર્ગે દોરતો, અને આપણે બીમાર પડીએને હોસ્પિટલમાં હોઈએ તો આપણી તબિયત કરતાંય કઇ નર્સ સારી છે? - એની કાળજી રાખતો 'ખાસ મિત્ર' દરેકના જીવનનું અભિન્ન અંગ સમાન હોય છે.

આપણી નાની મોટી દરેક ટેવ-કુટેવથી વાકેફ જ નહીં પણ આપણા કોઈ ગફલાં કે ગતકડાંનો રાઝદાર કે સાક્ષી જે ગણો તે આ 'મિત્ર' જ હોય છે. અને જ્યારે કોઈ કપરી પરિસ્થિતિ આવી પડેને ત્યારે પાનના ગલ્લે પૈસા ન કઢનારો એ મિત્ર પોતાનો જીવ પણ કાઢી આપવાની જીગરવાળો હોય છે. મુશ્કેલીના સમયમાં આપણને કહે છે કે, હું છું ને યાર ! તારી સાથે, તું શું કામ ટેન્શન લે છે? બધું જ સારું થઈ જશે !" – બસ, આવા બે બોલ પણ આપણા તમામ દુઃખ દર્દને દૂર કરી દે છે. મિત્ર દ્વારા બોલાયેલા હુંફનાં આ વાક્યોમાં બધા જ કષ્ટને છુમંતર કરી દેવાની અદભુત ટેકનીક હોય છે. માટે જ તો કહ્યું છે કે,

"લાગણીના વ્યવહારમાં ખેલ ના કરાય,
કારણ કે સાચા મિત્રનાં ક્યાંય સેલ ના ભરાય."